નમસ્કાર ગાંધીનગર

પમરાટ

જીવન પણ ગઝલ છે, મરણ પણ ગઝલ છે,
સમયની પ્રતિ પલ, અને ક્ષણ ગઝલ છે.
ચરણસ્પર્શ કહેતા, શરણ પણ ગઝલ છે ,
શરણ પણ ગઝલ છે,સ્મરણ પણ ગઝલ છે..

અમૃત 'ઘાયલ'

પાથેય

અગોચર આકાશ...

- રમેશ ઠક્કર

આકાશ આજકાલ અગોચર જેવું છે...આમ પણ એની તાસીર એવી છે કે તમે કોઈ પૂર્વધારણા કરી શકો નહીં...એટલે જ કદાચ કહેવાયું છે કે 'આભ અને ગાભનો ભેદ પામી શકાય નહીં...' મને ભૂરૂં આકાશ ગમે છે..એમાં પણ અષાઢની કોઈ મેઘલી સાંજે ઘનઘોર વાદળો સાથે વરસાદનો 'ટેઈક અપ ' મૂડ જે રીતે એક અલગ રંગની સજાવટ કરે છે એ દર અષાઢે આગવી હોય છે...વાત મારે આજકાલના આકાશની કરવી છે બાકી આકાશ વિશે લખવા અવકાશ જોઈએ...

હમણાં એનો સ્થાયી ભાવ ઉકળાટ છે... વાવાઝોડાના ઉઝરડાઓની અસર હેઠળ હોય એવું લાગે છે... કદી કદી ભીનાશમય પણ થાય છે..ગગનની એ ગરવાઈ છે... એની સર્વવ્યાપકતા આપણી બંધિયાર મનોદશાને ખંખેરી આશાની અનુભૂતિ કરાવે છે...આકાશકુસુમ જેવો એક અદ્ભુત શબ્દ સંસ્કૃત કવિઓએ આપ્યો છે..આપણે જો નિરાંતે નીરખીએ તો આકાશનાં અવનવાં પુષ્પોનો પમરાટ પામી શકીએ છીએ..ભૂખરૂં આકાશ કોઈ એકાકી વૃધ્ધ જેવું લાગતું હોય છે.

શિયાળાની તાજગીપ્રદ સવારે ફેલાતું આકાશ મૂછનો દોરો ફૂટી રહયો હોય એવા થનગનતા યુવાન જેવું લાગતું હોય છે... રિમઝિમ સાવન વચ્ચે કદીક અવસાદી રૂપ ધારણ કરતું આકાશ આપણા વિષાદને કાવ્યાત્મક સ્પર્શ આપી જાય છે... એનો આ ભાવ એ જ કદાચ મારો સ્વભાવ છે !

આકાશ એ અવનીનો મંડપ છે..મારી જિંદગીમાં અનેક આકાશ જોયાં છે... આદામાન નિકોબાર ટાપુનું નિતાંત નભ જોઈ હું હતપ્રભ થઈ ગયેલો... શૂલપાણેશ્વરના જંગલમાં લીલીછમ વનરાજીથી લપેટાયેલું આકાશ એ મારા જીવનની લીલોતરી છે..જાફરાબાદના દરિયા કાંઠે મેં એની અસીમતા જોઈ છે..બજાણા આડેસરના રણની કાંધે એ કદીય ના ઉલેચાય એવું લાગ્યું છે..પોશીનાના પાદરે એક મહાકાય તળાવમાં એને ડૂબકીદાવ રમતાં નિહાળ્યું છે...પણ સાચું કહું ? મારા માનસપટ ઉપર કામલપુર ગામની શ્રાવણી સાંજનું આકાશ જે છવાયેલું છે એની તોલે કોઈ ના આવે..!

આપણી શકિતઓ સિમિત છે પણ આપણો અહમ અસિમિત..બાકી આભલું એ આમ તો આકાશગંગાનું વારસદાર છે..ગણ્યું ગણાય નહીં વિણ્યું વિણાય નહીં એટલું અચરજ ભર્યું છે એની છાબડીમાં..આકાશને કોઈ ટેકો નથી એ વાત જ કેટલી રોમાંચક છે ! રંગોનું એનું વૈવિધ્ય કે લયબધ્ધ લિસોટા કે અવનવા મૂડઝ..કોઈ કવિ એવો નહીં હોય જેણે આકાશ ઉપર કવિતા ના લખી હોય ! મારે પણ એના ઉપર કવિતા લખવી છે..રાહ જોઉ છું એ ક્યારે વાદળી રંગ ધારણ કરે છે એની...!

ઓમિક્રોન વકરી શકે છે

તંત્રીસ્થાનેથી...

ડેલ્ટા વેરિયંટની સરખામણીમાં કોરોનાનો નવો વેરિયંટ ઓછો ઘાતક હોઈ શકે છે, પરંતુ વિશ્વ આરોગ્ય સંસ્થાએ એના વધતા જતા પ્રસારથી ચિંતા સેવી છે અને દરેક દેશોને એનાથી સાવધાન રહેવા ચેતવણી પણ આપી છે. આફ્રિકામાં ડિટેક્ટ થયેલા આ કોરોના સ્વરુપ હવે દુનિયાના ૫૯ દેશોમાં પહોંચી ગયું છે. એના પ્રત્યેની બેદરકારી ભારે પડી શકે છે. જામનગરમાં દક્ષિણ આફ્રિકાથી આવેલ વ્યક્તિએ ચેપ એના પરિવારજનોને પણ લાગ્યો છે. ગુજરાત વાઈબ્રંટ મહોત્સવ ઊજવવાની તડામાર તૈયારીઓમાં પડ્યું છે ત્યારે આ રાક્ષસનું બચ્ચું ફરી પાછું એની જાત પર જશે તો હોસ્પિટલોમાં ખાટલા ખૂટી પડશે અને તંત્ર ઘાંઘું થઈ જશે. આ નવા વેરિયંટના જિનોમ સિક્વંસિંગમાં તો સારો એવો સમય પણ લાગી જાય છે. હજુ વિશ્વ આરોગ્ય સંસ્થા કે આપણા તબીબી વિજ્ઞાનના તજજ્ઞો આ બહુરુપીની સાચી ઘાતકતાનો નિર્ણય નથી કરી શક્યા. અત્યાર સુધીમાં એવું તારણ નીકળ્યું છે ડેલ્ટા વેરિયંટ જેટલો ઘાતક કદાચ એ નહીં પણ નીવડે, પણ એની પશ્ચાત અસરો તો કોવિડના અન્ય વેરિયંટ જેવી જ રહેશે. એ માનવીની ઈમ્યુન સિસ્ટમને પાંગળી બનાવી શકે છે. રસીકરણ છતાં એ વ્યક્તિને સકંજામાં લઈ શકે છે એના પુરાવા તો મળી ચૂક્યા છે. વળી વર્તમાન ઉપલબ્ધ વેકસીન એની સામે અસરકારક નીવડશે કે કેમ તે વિશે પણ વૈજ્ઞાનિકો અલગ અલગ મત ધરાવે છે. કેટલાકના મતે બુસ્ટર ડોઝ વેળાસર શરૂ કરી દેવો હિતાવલ છે. સરકાર સામે દ્વિધાભરી પરિસ્થિતિનો સામનો કરવાનો પડકાર આવીને ઊભો થયો છે. સરકારે કોરોનાનાં બે પ્રચંડ મોડાનો સામનો કરવામાં જે ભૂલો કરી હતી એનું પુનરાવર્તન ન થાય તે જરૂરી છે. બીજી લહેર વધુ ઘાતક નીવડી હતી. હોસ્પિટલો ઊભરાઈ ગઈ હતી. તંત્ર હાંફળું ફાંફળું થઈ નિત્ય નવા ફતવા જારી કરતું હતું. આંકડા કેવી રીતે ઓછા બતાવવા એની કવાયત ચાલતા કરતી હતી. ઓક્સિજનના અભાવે અનેક જિંદગીઓ ગુમાવવી પડી હતી. રેમડેસેવિર ઈંજેકશનોથી લઈ મ્યુકોરમાઈકોસીસનાં ઈંજકશનોના કાળા બજાર બોલાતા હતા. એવી આકરી અગ્નિપરીક્ષામાંથી દેશ અને ગુજરાત બહાર આવ્યા છે પણ જાણે કશું થયું જ ન હોય એમ લોકો બધા કારી ઘા ભૂલી જઈ મોટી મોટી ભીડ કરતા થઈ ગયા છે. ધાર્મિક મહોત્સવો અને સામાજિક પ્રસંગો ઉપરાંત રાજકીય રેલીઓ યોજાઈ રહી છે. મોટા ભાગના લોકો કોરોના પ્રોટોકોલ પાળતા બંદ થઈ ગયા છે. માસ્ક અદૃશ્ય થઈ ગયા છે. જો આ નવો વેરિયંટ ઝડપથી ફેલાવા લાગશે તો ફરી પાછા આપણે હતાં ત્યાંના ત્યાં જ આવીને ઊભા રહીશું. શિક્ષણ કાર્ય માંડ પાટે ચડવા લાગ્યું છે તે ઠપ્પ થઈ જશે. બાળકો અત્યાર સુધી ઓછાં સંક્રમિત થયાં છે એ પણ શાળાઓ ચાલુ થઈ હોઈ સંક્રમણનો શિકાર બની શકે છે. રાજકીય એજંડાઓ અને મહોત્સવોને પ્રોયારિટી આપતી ઉત્સવપ્રિય સરકારે આ મુદ્દે સંયમ રાખવાની જરૂર છે. ત્રીજો બુસ્ટર ડોઝ વેળાસર શરૂ કરી દેવાશે તો ઘટી ગયેલ એન્ટિ બોડીઝ ફરી વધશે અને નવા વેરિયંટ સામે વયસ્કોની પ્રતિકાર સક્તિ વધારી શકાશે. બાળકોની રસી પણ સમયસર શરૂ થાય તે જરૂરી છે. ઉત્સવઘેલી પ્રજા ફરી પાછી કોરોનાની મહામારીના ભરડામાં સપડાઈ ના જાય તે જોવાની સરકારની ફરજ છે. કોરોના પ્રોટોકોલ પાળવાની ફરજ પાડીને સંક્રમણને અટકાવી શકાય એમ છે.

સ્પર્ધામાં મૌલિકતા મેદાન મારી જતી હોય છે!

આરપાર

રાઘવજી માધડ

જે તે સમયે, શાળા પાઠ્યપુસ્તક નિર્માણની પ્રક્રિયા વેળા સૂચના મળી:ભાષાના પુસ્તકોમાં પણ બહુ વૈકલ્પિક (M.C.Q.) પ્રશ્નો મૂકો !ત્યારે પ્રતિક્રિયા હતી:ભાષામાં આવા પ્રશ્નો મૂકવાથી વિદ્યાર્થિની મૌલિકતા અને સર્જનાત્મકતાનો વિકાસ રૂંધાશે.પણ સત્તા સામે શાણપણ નકામું નીવડતું આવ્યું છે.સત્તાસ્થાનેથી તર્ક હતો, વિદ્યાર્થી ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થાયતે માટે આવા પ્રશ્નો પુસ્તકમાં મૂકો ! પણ ભારતનું ભાવિ કોઈનું હરીફ, પ્રતિસ્પર્ધી બનેએવું શીખવવાનું કામ શિક્ષણનું નથી... પણ આવું સમજે,સમજાવે કોણ !?

આજે ઘણાં ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા, હરીફાઈ ચાલે છે.દરેકને જીત મેળવી આગળ નીકળી જવું છે. સ્પર્ધામાં મારી,પછાડી દેવાનું હોતું નથી. પણ તેમાં કોઈની લીટી ભૂંસવાના બદલે પોતાની લીટી મોટી કર વાની હોય છે.આટલું સૌને સ્વીકાર્ય બને તો વાલી અને વિદ્યાર્થીઓને તાણ, તણાવમાંથી મુક્તિ મળે !

જિંદગી ડગલે ને પગલે માણસની કસોટી લેતી હોય છે. તેમાં ક્યારેક એક રીત ખોટીને જિંદગીનો આખો દાખલો ખોટો પડે! હાલના સંજોગોમાં પ્રગતિનો પંથ સ્પર્ધાની છાતી પરથી પસાર થઈ રહ્યો છે.નોકરી માટેની પરીક્ષાને લાગેવળગે છે ત્યાં, જિંદગીના ઘણાં પ્રશ્નો કોર્ષ બહારના હોય છે છતાંય સમજીને અપેક્ષિત જવાબ આપી આગળ વધવાનું હોય છે. તક તો માત્ર બારણું ખખડાવે, દ્વાર તો જાતે જ ખોલવા પડે !

બે પરીક્ષાર્થીઓ અંદરોઅંદર ચર્ચા કરતા હતા.એકનું કહેવું હતું: 'એક પ્રશ્ન અટપટો, ન સમજાય એવો હતો.' પછી કહે : 'આવા પ્રશ્નો પૂછવા ન જોઈએ.' હા,એવું થાય કે પ્રશ્નો તો સમજાય એવા પૂછવા જોઈએ.

પણ વરસોના અનુભવે ખબર પડી છે,ઘણાં પરીક્ષાર્થી પ્રશ્નને પૂરો સમજવાનો પ્રયાસ કરતા નથી. તેથી અપેક્ષિત જવાબના બદલે કાંઇક જુદો અથવા ભળતો જવાબ લખી નાખતા હોય છે.પછી ફરિયાદ કરે,પેપર તપાસનારા બરાબર નથી.મેં ઘણું લખ્યું હતું પણ પૂરતા ગુણ ન આપ્યા.પણ પ્રશ્ન શું હતો ને તમે જવાબ શું આપ્યો છે... ગુણ આપવા માટે લખ્યો હોય તે જવાબ અગત્યનો બને છે. તેથી કોઈના અવ ગુણ જોવાના બદલે સમજી, વિચારી...જગ્યાની મર્યાદામાં મુદ્દાસર જવાબ લખો, જે ગુણપાત્ર બને.

ઘણાં સ્પર્ધકના લખાણમાં એવું જોવા મળે,પ્રશ્ન પૂછાયો હોય તેના અપેક્ષિત જવાબના બદલે, પોતા ને જે આવડતું હોય તે લખી નાખ્યું હોય. આપણા પાસે હોય તે નહી,પણ માગ્યું હોય તે આપવાનું છે ! ગોધરા જાવા નીકળેલી ગાડી ગાંધીનગર આવીને ઉભી રહે તે કેમ ચાલે? વળી કોઈ તો અદ્ધકચરું આવડતું હોય તે છૂપાવવા લખવામાં ગડબડ ગોટો ને પ્રભુ મોટો એવું કરી નાખે...આખરી ગુણ આપતા પૂર્વે લેખન - અભિવ્યક્તિને પણ નજરમાં લેવી જરૂરી બને છે. તેમાં ઈલેકશન નહીં પણ સિલેકશન કરવાનું હોય છે.

-પ્રશ્ન જ સંદિગ્ધ હતો.સમજાય એવો જ નહોતો... આવું કહેનારા જરાય ખોટા હોતા નથી.દરેક પ્રશ્નનો પોતીકો અર્થ ને સંદર્ભ હોય છે.ઘણાં પ્રશ્નો સ્પર્ધકની સમજ ચકાસવા માટે હોય.સ્પર્ધક ખરેખર શું સમજ્યો છે, તે જોવા માટે હોય.પ્રશ્નની સંરચનાના પાયામાં જ્ઞાન, સમજ,કૌશલ અને ઉપયોજન તપાસવાનું રહેલું હોય છે.ક્યારેક જવાબ સહેલો હોય પણ પ્રશ્ન બનાવવો એટલો જ અઘરો હોય.તેથી પ્રશ્નનો જવાબ લખતા પૂર્વે પ્રશ્ન પૂર્ણ સમજવો જરૂરી બને છે.જવાબમાં અસત્યના પાનાંઓ કરતા સત્યનો ફકરો અગત્યનો હોય.

આ તકે વ્યક્તિને ચકાસવો કે સમજવો પડતો હોય છે.વ્યક્તિ કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થયા પછી જેતે જગ્યા પર વરસો સુધી નોકરી કરવાનો છે.તે કેવી સેવા આપી શકે તે પણ જોવું પડતું હોય છે.

મૂળ સવાલતો નાગના જેમ ફેણ ડોલાવતો સામે જ બેઠો છે: વાંચ્યું હતું તે પૂછાયું નહીં અને જે પૂછાયું તેવાંચવામાં આવ્યું નહોતું...લ્યો આપો આનો જવાબ ! હા,જવાબ અઘરો જરૂર છે પણ અશક્ય નથી.

વ્યક્તિનું વિશાળ વાંચન સમજની એક કક્ષા સુધી લઈ જાય છે. આ સમજ જો વિકસી હોય તો તમે તેનો મૌલિક જવાબ આપી શકે.મીતાક્ષરી જવાબમાં પણ વ્યક્તિની મૌલિકતા મેદાન મારી જતી હોય છે.

છેલ્લે :

શ્વાસની દવા થઇ શકે, વિશ્વાસની નહીં...

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

દિન મહિમા

- યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ
  મસ્ટિ સ્ટેકહોલ્ડર ભાગીદારો સાથે મજબૂત અને સ્થિતિ સ્થાપક આરોગ્ય પ્રણાલી અને સાર્વત્રિક આરોગ્ય કવરેજની જરૂરિયાત વિશે જાગૃતિ ફેલાવવાનો હેતુ આ દિવસની ઊજવણી પાછળનો છે.
- ગૌરીશંકર ગોવર્ધનરામ જોષીનો જન્મ

આજનું

ઔષધ

- ઠંડા પાણીમાં ગળોનો કંદ ઘસી અરીઠા સાથે પીવડાવવાથી સાપનું ઝેર ઊતરે છે.

ખડખડાટ

- પહેલાના લગ્નમાં ખાવા વાળા બેસતા હતા અને ખવડાવવા વાળા ફરતા હતા,
  હવે ખાવા વાળા ફરતા રહે છે અને ખવડાવવા વાળા એક જગ્યાએ જ ઊભા રહે છે!!

આજનો

વોટ્સએપ

- અશક્ય છે એ વ્યક્તિને પછાડવો જેને ચાલતા જ ઠોકરો એ શીખવાડ્યું છે.

વિચાર

- આંગળા પર જાતજાતના રંગોવાળાં નંગોની વીંટીઓ વ્યક્તિની આર્થિક સમૃદ્ધિ અને માનસિક કંગાલિયતનું દર્શન કરાવે છે.
  - ફુલછાબ
- આપણે ક્યારે સમજીશું કે આપણને મળેલો અન્યાય એ આપણે કરેલા અન્યાયનો કેવળ પડઘો જ હતો.
  - એસ. ભટ્ટાચાર્ય
- જીવનમાં ઊંચું વેતન અને ઓછી જવાબદારી ભાગ્યે જ એક સાથે જોવા મળે છે.
  - જેમ્સ વીટ્ટલ

શું તમે તમારા સંતાનને વિદેશ મોકલો છો ? તો આ વાંચજો

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ પોતાના સંતાનોને વિદેશ મોકલવાની એક ફેશન ચાલી રહી છે. કહોને કે વિદેશ એક સામાજિક સ્ટેટસ બની રહ્યું છે. પણ હું માનું છું ત્યા સુધી મોટાભાગના મા બાપો પોતાના સંતાનોને માત્ર અને માત્ર રૂપિયા કમાવવા સિવાય અન્ય કોઈ કારણસર વિદેશ મોકલતા નથી હોતા. કેમ કે ભારતમાં કદાચ બેરોજગારી વધારે પ્રમાણમાં છે એટલે શક્ય છે કે દરેક માતા પિતાઓને એમ હોય કે આપણું બાળક અમેરિકા, કેનેડા, લંડન, આફ્રિકા કે ઓસ્ટ્રેલિયા જઈને ત્યાં નોકરી મેળવીને ખૂબ રૂપિયા કમાય. આપણે ત્યા એક એવો પણ ભ્રમ છે કે વિદેશમાં જેટલા લોકો જાય એટલા બધાયને નોકરી મળી જ જાય છે. અને આ કારણે અહીનો યુવાન પણ વિદેશ જવા જલદીથી તૈયાર થઈ જાય છે. પણ તેઓ એ નથી જાણતા હોતા કે ત્યાં નોકરી નહીં કામ મળે છે. અને એ કામ પણ કેવું ? કોઈ દુકાનમાં, મોલમાં, લોન્ડ્રીમાં કાઉન્ટર પર સતત ઊભા રહેવાનું, કોઈ હૉટેલ કે રેસ્ટોરન્ટમાં વેઈટરનું કે સાફસફાઈ કરવાનું, કોઈ ગેરેજમાં કારીગરનું, ડિલિવરી બોયનું, સિક્યુરીટીનું કે મજુરીનું કામ મળે છે જેને આપણે અહીંયા નોકરી કહીને મન મનાવીએ છીએ. એકાદ બે ટકા એવા લોકો હશે કે જેઓને વિદેશમાં વ્હાઈટ કૉલર જૉબ મળે છે. અને રહેવાનું પણ સાવ નાના રૂમમાં કોઈની સાથે. વળી એક ખૂબી એ પણ છે ત્યાં ગયેલા કોઈ આવી જિંદગીનું સત્ય રજુ કરતા નથી. તો વળી યુવાનોના મનમાં વિદેશ જવાનું બીજું પણ એક છૂપું આકર્ષણ રહેલું હોય છે ત્યાની ગ્લેમર દુનિયા અને સંપૂર્ણ ફ્રી લાઈફ સ્ટાઈલ. ત્યાં કોઈ સામાજિક, પારિવારિક બંધનો નથી, દરેક પુખ્ત વ્યક્તિ પોતાની રીતે જિંદગી જીવી શકે છે. એમાં માબાપ પણ રોકી ટૉકી શકતા નથી. જ્યારે ભારતીય સમાજમાં આવી વ્યવસ્થા નથી. અહીં પારિવારિક, સામાજિક વ્યવસ્થાના માપદંડો છે. નીતિ નિયમો છે એને અનુસરવું પડે છે. અને વિદેશ જવાનું ત્રીજુ સૌથી મોટું આકર્ષણ છે ''ઈન્ટરનેટની મોહમાયા ભરેલી દુનિયા'' અહીંયા જે પોતાના મોબાઈલમાં રાત્રે છાનામાના ઈન્ટરનેટમાં જોયું છે તે બધુ ત્યાં લાઈવ જોવા, માણવા મળશે, અને જિંદગી રંગીન બનશે. બસ, આવા જ કારણોસર ભારતીય યુવાન વિદેશ જવા થનગનતો હોય છે.

આપણો સમાજ પારિવારિક ભાવનાઓ અને સંવેદનાઓ ઉપર બનેલો છે. આપણે સૌ આપણા બાપદાદાઓના ડીએનએ(જીન્સ) લઈને જન્મીએ છીએ. અહીંયા આપણને આપણા માબાપ જન્મથી લઈને વીસ, પચ્ચીસ કે ત્રીસ વર્ષ સુધી કે ક્યારેક તો આખી જિંદગી સાથે રાખીને આપણું જીવન ચલાવે છે. આપણને ભણાવે છે, સંસ્કાર આપે છે, આપણા બધા જ મોજશોખ પુરા કરે છે. ઈચ્છાઓ પુરી કરે છે. પરણાવે છે. ઘણી જગ્યાએ તો માબાપ આપણા સંતાનોને પણ મોટા કરે છે. દેખરેખ રાખે છે. સાચવે છે. અને આ બધુ હેમખેમ પુરુ થયા પછી જ્યારે માબાપ વૃદ્ધ બને છે ત્યારે એ જ સંતાન કાં તો વિદેશ જઈને ત્યા સેટ થઈ જાય છે અને કાં તો મા બાપથી જુદા રહેવા જતા રહે છે. અથવા માતાપિતાને વૃદ્ધાશ્રમમાં જવું પડે છે. કે એકથી વધુ દીકરા હોય તો દરેક દીકરાઓને ઘેર વારાફરતી રહેવું પડે છે. આપણી સામાજિક વ્યવસ્થાની અને માનસિક અવસ્થાની એક સૌથી મોટી ખામી હોય તો એ છે કે ઘરમાં વૃદ્ધ માતા પિતા કે વડિલોને સહેજેય મહત્વ આપવામાં આવતું નથી. એમની ઈચ્છાઓને ધ્યાને લેવાતી નથી. આજના સંતાનો એ ભૂલી જતા હોય છે કે આ એ જ માતા પિતા છે કે જેઓએ પોતાની ઈચ્છાઓને સાઈડ પર રાખીને સંતાનોની ઈચ્છાઓ પુરી કરેલી હોય છે. અથવા પોતાને વિદેશ મોકલતી વખતે માબાપને કેટલી તકલીફ પડી હોય છે, શક્ય છે કે મોટી રકમ એકઠી કરવા માટે જમીન વહેંચવી પડી હોય કે નોકરીના પીએફમાંથી રૂપિયા ઉપાડ્યા હોય કે બેંકમાંથી લોન લીધી હોય કે જીવનભરની બચત ખર્ચી નાખી હોય છે. આવી રીતે ૨૫/૫૦ લાખ ભેગા કરીને, ખર્ચીને માતા પિતા તો સંતાનોને વિદેશ મોકલે છે પણ એ જ સંતાનો ત્યાં સેટ થઈ ગયા પછી માતા પિતા માટે શું કરે છે ? અરે ઘણા પરિવારોમાં તો એક નો એક દીકરો હોય અને યુવાનવયે માતા પિતા એને વિદેશ મોકલી દે અને આ સમયે પિતા પણ નિવૃત્તિને આરે હોય છે. પિતાએ પોતાની બધી મૂડી ખર્ચીને દીકરાને વિદેશ મોકલી દીધો હોય છે કે પાછલી જિંદગી શાંતિથી દીકરા સાથે વિદેશમાં વિતાવીશું. અથવા દીકરો પાંચેક વર્ષમાં ખૂબ સારું કમાઈને પાછો આવશે તો સૌની જિંદગી સારી જશે. આવી જ ઈચ્છાઓથી મોટાભાગના માતા પિતાઓ પોતાના સંતાનોને વિદેશ મોકલે છે પણ આ ઈચ્છાઓ કેટલા માતા પિતાની પૂરી થઈ એનો સર્વે કરવામાં આવશે તો ટકાવારી બહું જ ઓછી મળશે. મોટાભાગના એકના એક દીકરાઓ વિદેશમાં સારી રીતે સેટ થઈ ગયા પછી માતા પિતાને ત્યા બોલવતા નથી હોતા. અથવા બોલાવે છે તો પોતાના નાના બાળકોના ઉછેર માટે. જેવા પોતાના નાના બાળકો મોટા થઈ જાય છે કે તરત માતા પિતાનું વૃદ્ધત્વ એમને ખૂંચવા લાગે છે. કેમ કે વિદેશમાં લાગણી કે સંવેદના કરતા ડોલર કે પાઉન્ડને વધારે મહત્વ આપવામાં આવે છે. અને અંતે આવા માતાપિતાઓને એકલા ત્યાંથી અહીં વતનમાં પાછા ફરીને એકાકી જીવન જીવવું પડે છે. સાજામાંદા પડ્યે તેમની સારવાર કરે એવું પણ કોઈ સ્વજન એમની સાથે હોતું નથી. કદાચ દીકરો ત્યાંથી રૂપિયા મોકલતો હશે પણ આવા સમયે માતા પિતાને રૂપિયા કરતા દીકરાની કે પરિવારની હૂંફની જરૂર વધારે પડતી હોય છે. આવા સમયે કોઈ દીકરાને સમજાવે તો દરેક દીકરાઓની એક જ દલીલ હોય છે કે અમે અમારી મહેનતથી અહી સુધી પહોંચ્યા છીએ. ખૂબ મહેનત કરીને વિદેશમાં સ્થિર થયા છીએ હવે માતા પિતા માટે ફરી પાછા વતનમાં જઈએ ? તેઓ તો હવે જીવ્યા એટલું જીવવાના નથી. અમારે તો આખી જિંદગી કાઢવાની છે. છેલ્લા થોડા વર્ષો તેઓ દેખરેખ કરવાવાળું રાખી લે. પૈસા તો અમે મોકલી જ છીએ.'' માતા પિતાએ સંતાનો માટે આપેલો ભોગ એમનો ખૂદનો જ ભોગ લે છે. બસ, આમ જ આવા અનેક માતાપિતાઓ આજે જિંદગી જીવી રહ્યા છે. વિદેશમાં બાળકો લાખો કરોડો કમાતા હોય અને અહીયા માતા પિતાઓ એકલા એમની યાદમાં ઝૂરતા હોય છે. એમની હૂંફ માટે, સહવાસ માટે તરસતા હોય છે. સારા શિક્ષિત પરિવારના સંસ્કારી દીકરાઓ કદાચ શરુઆતમાં થોડા થોડા સમયાંતરે વિડીઓ કૉલ કરીને માતા પિતાનું ધ્યાન રાખે છે. પણ પછી ધીમે ધીમે વિડીઓ કૉલ બંધ થાય છે. દીકરાઓ પોતાના વ્યવસાયમાં, નોકરીમાં વ્યસ્ત થતા જાય છે અને અહીં માતા પિતાઓ ધીમે ધીમે માનસિક અને શારિરીક રીતે અસ્ત થતા જાય છે. તેમના સપનાઓ તૂટતા જાય છે. આજે જેટલા વૃદ્ધાશ્રમો કે ઓલ્ડહૉમ્સ કે સ્વજનગૃહો આપણા દેશમાં ચાલે છે તેમાંના મોટાભાગના વૃદ્ધ વડિલોના સંતાનો વિદેશમાં રહેતા હશે. માતા પિતાની દેખરેખ માટે રૂપિયા મોકલતા હશે પણ સાથે રાખવા તૈયાર નહી હોય. આવા માતા પિતાઓની વેદના કોણ સમજશે ?

મિત્રો, વિદેશમાંથી રૂપિયા તમારા ઘરમાં આવશે કદાચ પણ તમે આપેલા પારિવારિક સંસ્કારો તમારે ગુમાવવા પડશે. જો માત્ર રૂપિયા જ કમાવવા છે તો ધીરુભાઈ અંબાણી મહેનત કરીને આટલું મોટું સામ્રાજ્ય આપણા દેશમાં જ ઊભૂં કર્યું છે. અદાણી, ટાટા જેવા અનેક ઉદ્યોગપતિઓ છે કે જેઓ બધા આપણા દેશમાં જ નાનામાંથી મોટા થયા છે. અહીંયા મહેનત કરવાથી અમિતાભ કે શાહરુખખાન, રજનીકાન્ત કે સચિન કે વિરાટ કે ડૉ. એ.પી.જે.કલામ કે નરેન્દ્ર મોદી પણ બની શકાય છે. આજ દેશમાં દુનિયાને નવી દિશા બતાવનાર વેદો અને ઉપનિષદો રચાયા છે. અહીં જ રામ, કૃષ્ણ, ગાંધી કે મહાવીર થયા છે. આ જ દેશમાં લક્ષ્મીબાઈ, અહલ્યાબાઈ કે સાવિત્રી જેવી મહિલાઓ થઈ છે. જો આપણે બાળપણથી આપણા સંતાનોને યોગ્ય અને ઉચિત શિક્ષણ અને સંસ્કાર આપીશું તો એને ક્યારેય વિદેશ મોકલવાની જરૂર નહીં પડે. સંતાનોને વિદેશ જવાનો વિચાર પણ નહીં આવે. સંતાનોને પાંચ થી પંદર વર્ષમાં પરિવારમાંથી અપાયેલું શિક્ષણ અને સંસ્કાર આખા પરિવારનું ભાવિ નક્કી કરે છે. પણ મોટાભાગના પરિવારો ૨૧મી સદીની મોહમાયાના ભ્રમમાં, દેખાદેખીમાં અને વધારે પડતી અપેક્ષાઓને કારણે નિષ્ફળ જાય છે. અને આ બધા પ્રભાવમાં આવી જઈને સંતાનોને વિદેશ મોકલીને અહીં સુખી હોવાના ભ્રમ સાથે દુખી જીવન જીવે છે.

- 9426060601.india@gmail.com

'હાર' કે બાદ હી 'જીત' હૈ...!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

'' કભી કભી જીતને કે લીયે કુછ કુછ હારના પડતાં હૈ, ઔર હારકર જીતનેવાલે કો બાઝીગર કહેતે હૈ '' હિન્દી ફિલ્મનો આ ફેમસ ડાયલોગ ભલે હીરોના મોઢે સાંભળવો સારો લાગે પણ હકીકતમાં આ હારવું ને જીતવું એ બન્ને પોઝિશન જીવડા માટે મજા પણ છે ને સજા પણ..! 'હુરરરરરરે.. જીતી ગયા' નો વિજયનાદ જેટલો આનંદ આપે છે એટલો જ વિષાદ 'અરે હારી ગયા' માં પણ છે જ. સી, સ્વાભાવિક છે કે જીતનાર ખુશ થવાનો.. હર્ષમાં આવવાનો.. અને કશુંક પામી લીધું કે મેળવી લીધું એવા ગર્વમાં મહાલવાનો અને આનાથી વિપરીત થવાનું હારમાં.. બરાબર ને ? 'કભી હાર મે... કભી જીત મે' ની જેમ જિંદગીમાં હાર-જીત તો ચાલતી જ રહેતી હોય છે. સતત જીત કોઈને મળતી નથી કે સતત હાર પણ કોઈના નસીબમાં હોતી નથી, હા અગત્યનું હોય છે પ્રયત્ન કરવાનું અને એ હાર કે જીત બન્ને માટે મસ્ટ છે. ચાલો એ વાત તો હું ને તમે બધા સમજીએ છીએ કે જીતની એક અલગ જ મજા છે, આનંદ છે પણ હારમાં વિષાદ છે તો છે જ પણ એનાથી વિપરીત હારમાં પણ મજા છે, શીખવાની મજા.. સ્વીકારવાની મજા.

એક લડાઈ કે એક સંઘર્ષ કે પછી એક હરીફાઈ થાય છે જેમાં તમે પૂરા તન-મન-ધન થી લડત આપો છો, જીતવાના બધા જ પ્રયાસો કરો છો કેમકે ઓબવીયસલી જીતવું જ દરેકનું સ્વપન્ન હોય છે. પણ છતાંયે હારી જાવ તો ? જે રિઝલ્ટ આવ્યું હોય એને ઉલટાવી તો શકવાના નથી કે માનવાનો ઈનકાર કરી શકવાના નથી. તો ? બેટર એ છે કે હારને સ્વીકારો. સી, પોતાની હારને દિલથી સ્વીકારનાર વિજેતાથી ઓછો ના કહી શકાય. આગળ 'બાઝીગર' નો ડાયલોગ લખ્યો ને એવું જ કઈક..! હાર કે જીતનો આ સંઘર્ષ કયા નથી ? 'જબ તક હૈ જાન' ત્યાં સુધી ડગલે ને પગલે આ હાર અને જીતની જુગલબંદી થતી જ રહેવાની. ઘરમાં, નોકરીમાં, ધંધામાં, સમાજમાં, કેરિયરમાં.. ઓર ના જાને કહા કહા ? ડગલે ને પગલે હાર કે જીતનો સામનો કરવો જ રહ્યો અને દરેક વખતે રિઝલ્ટ જીતમાં જ આવે એવું પણ કયા હોય છે ? શોલેમાં જય કહે છે એમ ' અબ હર બાર કોઈ જીત ભી તો નહીં શકતા, કભી કભી હાર ભી જાતા હૈ બેચારા '. નો ડાઉટ હારવું કોઈને ગમે નહીં જ પણ ઓફસ્ટંપ બહારના બોલને ન રમવાને બદલે જો રમવા જાવ અને કોટ બિહાઈન્ડ થઈ જાવ તો અમ્પાયર ને એમ ના કહેવાય કે ' ભાઈ, ભૂલથી રમાય ગયું, નોટ આઉટ આપ ' એ તો બગલમાં બેટ દબાવીને ચાલી નીકળવું જ પડે પેવેલિયન બાજુ.. પણ પણ પણ બીજી વાર બેટિંગ કરતી વખતે ઓફસ્ટમપ બહારના બોલને છેડખાની ના કરાય એવું જો શીખી શકાય તો એ આઉટ થવાની મજા તરીકે લઈ શકાય.. એ હારમાંથી શીખવાની મજા. દરેક જીત કદાચ બેદરકાર કે ગાફેલ બનાવી શકે પણ દરેક હાર કઈક શીખવાડે છે એ હકીકત છે , શરત એક જ કે એ હારની મજા લઈ શકો તો જ એ હારમાંથી પણ કઈક શીખી શકો. મજા એટલે કાઈ ઠેકડા નથી મારવાના પણ હાર ને સ્વીકારીને કરેલી ભૂલોને વિચારવાનું છે, અને એ વિચારવલોણાંના અંતે કયા ખોટું થયું એનો અર્ક નિકાળવાનો છે અને એ માટે પણ હારની મજા લેવી પડે કેમકે તો જ હારનો આઘાત આ વિચારવાની પ્રક્રિયામાં નડે નહીં. ઊંડા અંધકાર પછી જે રીતે સુખની સવાર થાય છે, બરાબર એ જ રીતે દરેક 'હાર' પછી 'જીત' ની પ્રબળ પ્રસન્નતાની ક્ષણ આવે છે. 'હાર' ની તીવ્ર થપાટ જ 'જીત' ની શક્તિ પ્રદાન કરે છે.

નો ડાઉટ જીતવાની પોતાની એક મજા છે પણ એનો અર્થ એવો નથી હારમાં માત્ર દુખ કે ગમ જ છે. બિલકુલ નહીં.. હારમાં પણ મજા છે અને એ મજા છે શુ